# સસ્તી અને સોહામણી કારના સર્જકો પીતા પુત્ર ઔસાફ આગા અને ફસીહ આગા સાથે એક મુલાકાત



ઈન્ટરવ્યુ:
હબીબ ખોખર

પેટ્રોલ આર્થીક વિકાસ માટે માનવને કુદરતે આપેલી અણમોલ ભેટ છે. અને માનવ જાતે તેનો ઉપયોગ કરીને છેક આસમાન સુધી જવાના સપના સાકાર કર્યા છે. માનવજાત પેટ્રોલીયમ પેદાશો પર એટલી તો નીર્ભર બની ગઈ છે કે પેટ્રોલના ભાવમાં થોડો પણ વધારો થાય તો આખું અર્થતંત્ર ડોલવા લાગે છે. અમેરિકા જેવા ધનાઢય દેશોમાં પણ પેટ્રોલના ભાવ વધતા રાડારોળ શરૂ થઇ જાય છે. પાકિસ્તાનમાં તો તાજેતરમાં પેટ્રોલીયમ પેદાશોના ભાવોમાં વધારાથી દરેક ચીજના ભાવ વધી ગયા છે અને ગરીબ માણસનું જીવન અજીરણ બની ગયું છે. એટલું જ નહી મોટી કારોના માલીકો નાની કારો ખરીદવા અને નાની કારો ધરાવનારાઓ મોટર સાયકલ તરફ વળવા મજબુર બન્યા છ. સાથોસાથ સરકાર પણ સરકારી કર્મચારીઓને અઠવાડીક બે રજા આપવાનું

એન્જીન અને તેમાં સીએનજીનો ઉપયોગ કરવાથી આ કાર પર્યાવરણ મીત્ર કાર છે. અમે આ કારમાં ૬૭ ટકા સ્થાનીક પુરજાનો ઉપયોગ કર્યો છે. આ કાર ચાર માણસો માટે અતી ઉપયોગી છે. તેમાં બેસવા માટે પુરતી જગ્યા છે. અમારો ધ્યેય મધ્યમ વર્ગના લોકો મોટર સાયકલથી પણ ઓછા ખર્ચે કારનો ઉપયોગ કરી શકે તે છે. મોટર સાયકલ કીલોમીટર દીઠ ૮૦ થી ૮૫ પૈસામાં પડે છે જ્યારે આ કારથી માત્ર ૭૫ પૈસામાં એક કિલોમીટરથી સફર કરી શકાય છે.

કાર બનાવી લીધા બાદ અમે તેને મંજુરી માટે એન્જીનીયરીંગ ડેવલપમેન્ટ બોર્ડને મોકલી હતી. બાદમાં કેન્દ્રિય મહેસુલ બોર્ડની પણ મંજુરી લેવાઇ છે. અને નવેમ્બરથી અમે આ કારની ડીલીવરી શરૂ કરી દઇશું. અમને કોઇ પણ તબક્કે કારને મંજુર કરાવવામાં કોઇ મુશ્કેલી નડી ન હતી. કેમકે સ્પેર પાર્ટસના વેપારમાં અમારી ૨૦ વર્ષની સારી શાખ છે. આથી સીબીઆરે અમને ફોર્મ ભરવામાં

એન્જીનીયરીંગ યુનીવર્સીટી ઓફ મીશીગનમાં અભ્યાસ કરવા સાથે હું આંતર રાષ્ટ્રિય સંસ્થા એસએઇમાં જોડાયો હતો જ્યાં એક ટીમ સાથે મળીને રેસીંગ કાર બનાવી હતી.

**સ. તમે બનાવેલી નવી કાર અંગે વિગતો આપશો?**

**ફસીહ આગા:** અમે ચીની બનાવટના ૨૦૦ સીસી એન્જીનથી આ કાર બનાવી છે. એન્જીન ફોર સ્ટ્રોક વોટરકુલ્ડ છે. અને ૩૦૦ કીલો વજનનું આસાનીથી વહન કરી શકે છે. અમે બે પ્રકારના વાહનો બનાવ્યા છે. જેમાં ફોર સીટર અલીફ કાર અને 'બે' માં ઓપન અને કવર્ડ પીકઅપ છે. આ વાહનો મંજુરી માટે મોકલવા પહેલાં અમે તમામ પ્રકારના ટેસ્ટ કર્યા હતા અને ટેસ્ટમાં ઉત્તીર્ણ થયા બાદ અમે તેને મંજુરી માટે મોકલ્યા હતા. અમે આ વાહનોને ખાસ કરીને કરાચીના માર્ગોને અનુરૂપ બનાવાયા છે. આ વાહનોની છ

આવા કપરા સંજોગોમાં લોકો સસ્તા ખર્ચે સસ્તી કાર વાપરી શકે એ માટે કરાચીના પીતા પુત્ર મેદાને પડયા છે. તે છે જ. ઔસાફ આગા અને જ. ફસીહ આગા. મુળ ઓટોમોબાઇલ્સ પાર્ટસનું ઉત્પાદન કરતા અને હાલમાં અમેરિકા તેમજ યુરોપ ખાતે રેસીંગ કારો અને બીજા વાહનો માટે પુરજાની નીકાશ કરતી કરાચીની એક પેઢી ટ્રાંસમીશન એન્જીનીયરીંગ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડના ચેરમેન જ. ઔસાફ આગ ભારતમાં જન્મ્યા હતા. તેમના પીતા દિલ્હીના અને માતા આગ્રાના હતા. ભાગલા બાદ તેમના કુટુંબે પણ હીજરત કરી કરાચીને નવું ઘર બનાવ્યું અને નવો રોજગાર શરૂ કર્યો. જ. ઔસાફ આગાએ પાકિસ્તાન -માંજ શિક્ષણ પ્રાપ્ત કરીને સ્પેર પાર્ટસના કામમાં ઝંપલાવ્યું. અને ટ્રાંસમીશન એન્જીનીયરીંગ ઇન્ડસ્ટ્રીઝના નેજા હેઠળ માત્ર દેશમાંજ નહી વિદેશોમાં પણ નામના મેળવી છે.

**સ. તમે બનાવેલી કાર અને પીકઅપની ખુબી શું છે ? અને તે બનાવવામાં તેમજ બાદમાં મંજુર કરાવવામાં કોઈ અડચણ પડી હતી ?**

**ઔસાફ આગા:** પહેલાં તો હું એ સ્પષ્ટતા કરી દઉ કે અમારી મુળ કંપની ટ્રાંસમીશન એન્જીનીયરીંગ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ છે. જ્યારે કાર ઉત્પાદન માટે અમે નવી કંપની બનાવી છે. જેનું નામ ટ્રાંસમીશન મોટર કંપની (પ્રા.) લી. છે. જેના ચીફ એક્ઝીક્યુટીવ તરીકે મારા પુત્ર ફસીહ આગા કામ કરી રહ્યા છે. અમે ચીનથી ૨૦૦ સીસીના એન્જીન ખરીદી કાર વિકસાવી છે. ચીનમાં આ એન્જીનનો ઉપયોગ રીક્ષામાં થાય છે. ફોર સ્ટ્રોકનું

અમે તમામ જરૂરતો પુરી કરી હતી. આથી કોઇને રૂશ્વત સુદ્ધાં આપવી પડી ન હતી.

આ વાહનો પેટ્રોલ તેમજ સીએનજી બંનેથી ચાલી શકે છે.



**સ. સ્પેર પાર્ટસના કારોબાર અંગે કંઈ જાણકારી આપશો ?**

**ઔસાફ આગા:** અમે ખાસ કરીને રેસીંગ કારના સ્પેર પાર્ટસ બનાવીએ છીએ. અને તેની અમેરિકા ખાતે નીકાશ કરી રહ્યા છીએ. અમેરિકામાં અમારા પુરજાના વખાણ થતા હોવાથી યુરોપના દેશોએ અમને સામેથી સ્પેર પાર્ટસ મોકલવા આમંત્રણ આપ્યું હતું. જે અમારી વિશ્વસનીયતાનો બોલતો પુરાવો છે.

જ્યારે ૧૯૭૫માં કરાચી ખાતે જન્મેલા ફસીહ આગાએ જણાવ્યું હતું કે તેઓ કરાચીમાં શીક્ષણ પ્રાપ્ત કર્યા બાદ એન્જીનીયરીંગનો વધુ અભ્યાસ અમેરિકાની એન્જીનીયરીંગ યુનીવર્સીટી ઓફ મીશીગનમાં કર્યો હતો.

**સ. અમેરિકામાં તમે રેસીંગ કાર બનાવીને સારી ખ્યાતી મેળવી હતી એ અંગે જણાવશો ?**

**ફસીહ આગા:**



બંને પ્રકારના વાહનો માટે જુદા જુદા ભાવ રાખ્યા છે. પરંતુ તેની મહત્તમ કિંમત બે લાખ ૮ હજારથી વધુ નથી. સીવાય અમે એક વર્ષથી લઇને ત્રણ વર્ષ સુધીના સરળ હપ્તે પણ આ વાહનો વેચવાનો નીર્ણય લીધો છે. જે માટે માત્ર ૧૫ ટકા ડાઉન પેમેન્ટ આપવું પડશે.

**સ. તમારા પ્લાન્ટમાં કેટલા વાહનો બનાવવાની ક્ષમતા છે ?**

**ફસીહ આગા:** કરાચીમાં સાઇટ ખાતે આવેલા અમારા મેન્યુફેકચરીંગ પ્લાન્ટમાં વાર્ષીક પાંચ હજાર વાહનોનું ઉત્પાદન કરવાની ક્ષમતા છે અને હબ ચોકી ખાતે પણ પ્લાન્ટ નાખવાનો વિચાર છે. અમે બનાવેલી કાર અને પીકઅપ મહત્તમ ૮૦ કીલોમીટરની ઝડપ ધરાવે છે.

**સ. આ વાહનોનું વિદેશમાં વેચાણ કરવાનો ઇરાદો છે ?**

**ફસીહ આગા:** આ વાહનો પાકિસ્તાની બજારમાં આવે તે પહેલાં અમે સુદાન, બાંગ્લાદેશ, બર્મા અને માડાગાસ્કર સાથે નિકાશના કરારો કરી ચુકયા છીએ. (સુદાન માટે નીકાશનો ઓર્ડર કન્ફર્મ થઇ ગયો છે)

તમને એ જાણીને ખુશી થશે કે ગત વર્ષ સુધી ટ્રાંસમીશન એન્જીનીયરીંગ ઇન્ડસ્ટ્રીઝના શેરોનું શેરબજારમાં વાર્ષીક બે હજારનું ટર્ન ઓવર હતું. તે હવે કાર ઉદ્યોગમાં ઝંપલાવ્યા બાદ જાન્યુઆરી ૨૦૦૫થી અત્યાર સુધીમાં બે લાખ ૭૦ હજાર શેરોનું થઇ ગયું છે.

●●●★★★●●●
●●●★★★●●●